# નૂતન હાઈસ્કુલ, ગેરતપુર, તા-દસક્રોઈ, જી-અમદાવાદના વિદ્યાર્થીઓએ આણંદ કૃષિ યુનિવર્સિટીના  કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે તા. ૨૭-૦૧-૨૦૨૬ ના રોજ મુલાકાત લીધી

દસક્રોઇ તાલુકાના ગેરતપુર ગામની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના નવ અને દસમા ધોરણમાં અભ્યાસ કરતા કુલ 30 વિદ્યાર્થીઓએ અને 3 શિક્ષકોએ પ્રીવોકેશનલ/વ્યવસાયલક્ષી શિક્ષણ અંતર્ગત  સણસોલી કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ સંશોધન અને વિસ્તરણ સંલગ્ન પ્રવૃતિઓ, પ્રાકૃતિક ખેતી અને કૃષિ વિષયક માહિતી મેળવવાના હેતુથી આણંદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલીની મુલાકાત લીધી. આ અન્વયે સંશોધન વૈજ્ઞાનિકશ્રી એ. એમ. પટેલએ, વિદ્યાર્થીઓને કેન્દ્ર દ્વારા હાથ ધરાયેલી સંશોધન અને વિસ્તરણ સંલગ્ન પ્રવૃતિઓ, કૃષિ વિજ્ઞાન વિષયક, યુનિવર્સિટી દ્વારા ચાલતા કૃષિ અભ્યાસ અને તેની રોજગારની તકો વિશે પ્રકાશ પાડ્યો હતો.  ગેરતપુરના વિદ્યાર્થીઓને આણંદ યુનિવર્સિટીની વિવિધ જાતો અપનાવવા અને અન્ય તકનીકી તેમજ વૈજ્ઞાનિકોનું માર્ગદર્શન લેવા સલાહ આપી હતી. દિવેલાની સંશોધન વિવિધ તાંત્રિકતાઓ અને હાલમાં ખેડૂતો દ્વારા પાક ઉપર જંતુનાશક દવાનો છંટકાવ અને રાસાયણિક ખાતરોના બેફામ વપરાશથી, માણસના અને જમીનના આરોગ્ય ઉપર થયેલ વિપરીત અસરોની જાણકારી આપી હતી.









